| | | | |
|---|---|---|---|
| રજુ તારીખઃ | ૦૩–૦૩–૨૦૨૩ | | |
| દાખલ તારીખઃ | ૦૩–૦૩–૨૦૨૩ | | |
| ફેંસલ તારીખઃ | ૦૩–૦૭–૨૦૨૬ | | |
| **અવધિઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૩** | **૦૪** | **૦૦** |

**મ્હે. ધ્રોલ પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–ધ્રોલ.**

**રે.દિ.દા.નં. ૧૨/૨૦૨૩**

**આંક–**

**(૧) આયશાબેન સિદિકભાઈ સુમારીયા**
ઉ.વ. ૬૬, ધંધોઃ ઘરકામ
રહે. સોયલ ગામ,તા.ધ્રોલ, જી.જામનગર.

**(૨) બાનુબેન સિદિકભાઈ સુમારીયા**
ઉ.વ. ૫૯, ધંધોઃ ઘરકામ
રહે. સોયલ ગામ,તા.ધ્રોલ, જી.જામનગર.

...વાદીઓ

**વિરુદ્ધ**

(૧) **નુરમામદ સિદિકભાઈ સુમારીયા**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ ખેતી
રહે. સોયલ ગામ,તા.ધ્રોલ, જી.જામનગર.

(૨) **અકબરભાઈ સિદિકભાઈ સુમારીયા**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ ખેતી
રહે. સોયલ ગામ,તા.ધ્રોલ, જી.જામનગર.

(૩) **જુબેદાબેન સિદિકભાઈ સુમારીયા**
ઉ.વ. પુખ્ત, ધંધોઃ ઘરકામ,
રહે. સોયલ ગામ,તા.ધ્રોલ, જી.જામનગર.

...પ્રતિવાદીઓ.

**દાવોઃ–** દાવાવાળી અનુસુચી અ વાળી વાદીઓની સહમાલીકીની મિલકતનો હિસ્સો છુટો પાડવા તથા મિલકતનું પાર્ટીશન કરવા તથા ડેકલેરેશન તેમજ કાયમી મનાઈહુકમ મળવા સંબધે દાવો.

| | | |
|---|---|---|
| વાદી તર્ફે વિ.વ.શ્રી | :- | જી.કે.પટેલ |
| પ્રતિવાદી નં.૧,૨ તર્ફે વિ.વ.શ્રી | :- | ડી.જી.પરમાર |

## -: ઠ રા વ :-

(૧) વાદીના દાવા અરજીની હકીકત એવી છે કે, આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ સગા ભાઈ બહેનો થાય છે. તથા દાવાવાળી અનુસુચીથી "અ" વાળી મિલકતના સહ માલિક,સહ હિસ્સેદાર અને સહ કબજે ભોગવટેદાર છે. જામનગર જીલ્લા ના ધ્રોલ તાલુકાના મોજે સોયલ ગામના નવા રેવન્યુ સર્વે નંબર ૪૭ (જુના રેવન્યુ સર્વે નંબર ૧૦૬/૧ પૈકી), રેવન્યુ સર્વે નંબર ૫૨૦ (જુના રેવન્યુ સર્વે નંબર ૨૦૫) તથા નવા રેવન્યુ સર્વે નંબર ૫૨૧ (જુના રેવન્યુ સર્વે નંબર ૨૦૪) જેનુ વર્ણન અનુસુચી "અ" મા આપવામાં આવેલ છે.તે ખેતીની જમીનોમા વાદીઓના કુલ બે હિસ્સા એટલે કે ૨/૫ (૪૦ ટકા) હિસ્સો સમાયેલો છે અને પ્રતિવાદીઓ નો ૫ ભાગમાંથી ૩ ભાગ એટલે કે ૩/૫ (૬૦ ટકા) હિસ્સો સમાયેલો છે તે રીતે વાદીઓ મજકુર ખેતીની જમીનના સહમાલીકો છે તેમજ આ કામના પ્રતિવાદીઓ પણ આ જગ્યાના સહ માલિક છે. આ કામના વાદીઓનો દાવાવળી અનુસુચી "અ" વાળી ખેતીની જમીન વારસાઈ હક્કથી પ્રાપ્ત થયેલ હોય તેમજ રેવન્યુ રેકર્ડ સિદિક અભરામ સુમારીયા તા.૨૨-૧૨-૨૦૧૮ ના રોજ અવસાન થતા તેઓ વારસદારો દ્વારા વાદી પ્રતિવાદીઓ તેઓના સીધી લીટીના વારસદારો છે આ અંગે ગામ નમુના નંબર ૬ હક્કપત્રકે વારસાઈ નોંધ નંબર ૩૯૧૫ દાખલ કરવામાં આવેલ છે.આ કામના વાદીઓ મજકુર ખેતીની જગ્યામા પોતાના હિસ્સે આવેલ આશરે જમીનમા સહમાલિક દરજ્જે એટલે કે તેઓના હિસ્સાની જમીનનો સંયુકત કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ખેત ઉપજ મેળવી રહેલ છે.પરંતુ છેલ્લા થોડા સમયથી આ કામના પ્રતિવાદીની નિયત સારી ન હોય વાદીઓને હેરાન પરેશાન કરવાના ઈરાદે એકબીજાનો હિસ્સો છુટો પાડી રહેલ નથી અને રેવન્યુ રેકર્ડે હિસ્સો છુટો પાડવાની કામગીરીમા સાથ સહકાર આપી રહેલ ન હોય વિરોધ કરી રહેલ છે વાદીઓનો હિસ્સો છુટો પડતો ન હોવાને કારણે વાદીઓ પોતાની હિસ્સાની માલિકીની મિલકતોની યોગ્ય બજાર કિંમત કે વેચાણ કિંમત ન મેળવી શકે તે સ્થિતિ નુ

*પ્રિન્સીપાલ સીવીલ જજ,ધ્રોલ,*

નિર્માણ કરી રહેલ હોય પ્રતિવાદીઓ પાર્ટીશનની કાયદેસરની પ્રક્રીયામા સહકાર આપી રહેલ નથી અને વાદીઓને હેરાન પરેશાન કરી રહેલ છે. દાવાવાળી મિલકતની કિંમત વધી જતા આ કામના પ્રતિવાદીઓએ નિયત બગડેલ હોય અને મિલકતોમાનો તેમનો હિસ્સો કોઈ ત્રાહીતને વેચાણ કરવાના પ્રયત્નો ચાલુ કરેલ હોય અને વાદીઓ તેઓના હિસ્સાની વહેંચણી કરવા માંગતા હોય તેમા અડચણ,અટકાયત, અવરોધ કરી રહેલ હોય અને સાથ સહકાર આપી રહેલ ન હોય માટે વિવાદ,લડાઈ, ઝગડા ન થાય અને અંદરો અંદર સુલેહ શાંતી જળવાય રહે તેવા ઈરાદે વાદીઓએ હાલનો દાવો લાવી આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓનો હિસ્સો છુટો પાડી દાવાવાળી અનુસુચી "અ" વાળી મિલકતનુ વિભાજન કરી આપવા તથા તે મુજબની રેવન્યુ રેકર્ડ અમલવારી કરાવવા રેવન્યુ ઓથોરીટીને આ વિભાજન સંદર્ભે યાદી કરી આપવા વાદીઓના લાભ માં હુકમ તથા હુકમનામું કરી આપવા,આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી અનુસુચી "અ" વાળી મિલકતમના વાદીઓને તેઓના હિસ્સા તથા કબજા ભોગવટા વાળી જગ્યા નો ઉપયોગ,ઉપભોગ કરવા કે ખેતી કરવા કે ઉપજ મેળવતા અડચણ,અટકાયત કે અવરોધ કરે કરાવે નહીં તેમજ વાદીઓને તેઓના હિસ્સાની મિલકતનું વેચાણ કરતા કોઈપણ અડચણ,અટકાયત,અવરોધ કરે કરાવે નહીં તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ કાયમી સ્વરુપનો મનાઈ હુકમ ફરમાવવા, ન્યાય તથા સમન્યાય ની દ્રષ્ટીએ અન્ય જે જે દાદો મળી શકે તે તે દાદો અપાવવા તથા હાલના દાવાનો થયેલ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા વાદીના લાભમાં હુકમ તથા હુકમનામું કરી આપવા દાદો માંગેલ છે.

(૨) પ્રતિવાદીઓને વાદીના દાવાના સમન્સની બજવણી થતા પ્રતિવાદીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૩ થી લેખીત જવાબ રજુ કરી જણાવે છે કે, વાદીઓનો દાવો સુધ્ધ બુદ્ધી પૂર્વકનો નથી વાદીઓએ દાવામા કોર્ટ ફી સ્ટેમ્પ પુરતી ભરેલ નથી. વાદીના દાવાને સમય મર્યાદનો બાધ નડે છે.વાદીઓને દાવો લાવવા અંગે કાયદેસરનુ કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.વાદીઓ નામદાર કોર્ટ સમક્ષ ચોખા હાથે આવેલ નથી.વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, સોયલ ગામના સર્વે નંબર

૪૭,૫૨૦,અને ૫૨૧ માં વાદીઓનો ૨/૫ (૪૦ ટકા ) હિસ્સો સમાયેલ છે તે હકીકતનો તેઓ ઈન્કાર કરે છે. મુસ્લિમ લો મુજબ મિલકત ૨ ભાગમાં વહેચાશે એટલે કે દિકરાનો ભાગ બમણો હોય છે.તેઓના પિતા સ્વરગીય સિદિક અભરામ સુમારીયા જીવીત હતા ત્યારે રેવન્યુ સર્વે નં ૪૭ (જુના રેવન્યુ સર્વે નં ૧૦૬/૧ પૈકી ની) હે.આરે ૧-૨૮૪૯ ખેતીની જમીન પ્રતિવાદી નંબર ૨ ને મૌખિક રીતે વર્ષોથી તેમના ભાગમા આપી દીધેલ છે જેમનો કબજો ભોગવટો પ્રતિવાદી નંબર ૨ પાસે છે. વાદીઓ આ બાબતથી સંપૂર્ણ વાકેફ છે અને જે તે સમયે વાદીઓની સહમતી હતી.પ્રતિવાદી નંબર ૨ વર્ષોથી બિમાર રહેતા હોય અને આર્થીક રીતે ગરીબ હોય તેમજ તેમના પિતાને ઓચીંતા એટક આવતા મરણ ગયેલ હોય જેથી સદરહુ ખેતીની જમીન તેમના નામે રેવન્યુ રેકર્ડમા ચડેલ નહીં.વાદીના ૪૦ ટકા હિસ્સાની હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવે છે.સર્વે નંબર ૫૨૦ તથા ૫૨૧ જે તેમના પિતાના કબજામા હતી તેઓના મરણ ગયા બાદ સદરહુ બંને જમીનો હાલ પડતર રહેલ છે અને પ્રતિવાદીઓના કબજામા છે.પ્રતિવાદીઓના પિતા હયાત હતા ત્યારે ઉપરોકત જમીનો વાંકીયા સેવા સહકારી મંડળી માંથી ધીરાણ મેળવતા હતા જે ધીરાણની રકમ ભરવાની બાકી હોય જે અંગે વાંકીયા મંડળી દ્વારા નામદાર ધ્રોલ કોર્ટમા દરખાસ્ત નંબર ૨૮/૨૩ થી દરખાસ્ત ચાલુ હોય ધીરાણની રકમ બાકી હોય જેથી પ્રતિવાદીઓ ધીરાણની રકમ ભરી શકેલ નથી.એ હકીકત વાદીએ ઈરાદા પૂર્વક છુપાવેલ છે.વાદીઓ તેમની પાસે કયારેય આવેલ નથી. માત્ર મભમ અને ખોટા કથનો આક્ષેપો કરી ખોટા પ્લીડીંગ આધારિત યેન કેન પ્રકારે વાદીને હેરાન પરેશાન કરવાના મલીન ઈરાદા સાથે હાલનો દાવો કરેલ છે.જે ખેતીની જમીન સંયુકત નામે આવેલ છે અને વીભાજન થયેલ ન હોય તેનુ કાયદા મુજબ વેચાણ થઈ શકે નહીં આમ વાદીઓને દાવો કરવાનુ કોઈ કાયદેસરનુ કારણ ન હોય વાદીઓ દાદ મેળવવા હક્કદાર થતા ન હોય વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છેઃ-

## (૩.૧) <u>વાદી તરફે મૌખિક પુરાવોઃ–</u>

| ક્રમ | આંક | સાહેદની વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | વાદી બાનુબેન સિદિકભાઈ સુમારીયા વા/ઓ અબ્બાસભાઈ મકવાણા ની સોગંદનામા સ્વરૂપની સરતપાસની જુબાની. |

## (૩.૨) <u>વાદી તરફે દસ્તાવેજી પુરાવોઃ–</u>

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| ૧ | ૨૩ | રે.સ.નં ૪૭ ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ |
| ૨ | ૨૪ | રે.સ.નં ૫૨૦ ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ |
| ૩ | ૨૫ | રે.સ.નં ૫૨૧ ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ |
| ૪ | ૨૬ | સંયુકત ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ |
| ૫ | ૨૭ | ગામ નમુના નં.૬ હક્કપત્રકે નોધ નં.૩૯૧૫ ની ખરી નકલ |
| ૬ | ૨૮ | ઉતરોતર ગામ નમુના નં.૬ હક્કપત્રકે નોંધ ની ખરી નકલ |

આ કામે વાદી વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાની **આંક-૩૮** થી પુરાવો પુરો કર્યા અંગેની કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ દાવાના કામે પ્રતિવાદી નં. ૨ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છેઃ–

## (૪.૧) <u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવોઃ–</u>

| ક્રમ | આંક | સાહેદની વિગત. |
|---|---|---|
| ૧ | ૩૯ | પ્રતિવાદી નં ૧ નુરમામદ સિદિક સુમારીયા ની સોગંદનામા સ્વરૂપની સરતપાસની જુબાની. |

પ્રતિવાદી તરફે આ કામે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને આંક–૪૧ થી પ્રતિવાદી તરફે પુરાવો પુરો થયા અંગેની પુરશીશ રજુ કરવામાં આવેલ છે.

*પ્રિન્સીપાલ સીવીલ જજ,ધ્રોલ,*

(૫) વાદીઓ તરફે **આંક–૭૫** થી લેખિત દલીલો રજુ કરી રજુઆત કરવામા આવેલ છે કે વાદીઓ યોગ્ય પુરાવાથી પોતાનો દાવો સાબીત કરી શકેલ છે જેથી દાવો મંજુર કરવા જણાવેલ છે.તથા પ્રતિવાદીઓ તરફે લેખિત દલીલો **આંક–૭૬** થી રજુ કરી રજુઆત કરવામાં આવેલ છે કે વાદીઓ પોતાનો દાવો સાબિત કરવામાં સફળ રહેલ ન હોય જેથી વાદીઓને માંગ્યા મુજબની દાદ આપવી જોઈએ નહીં અને વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરવો જોઈએ.

(૬) આ દાવાના નિર્ણય માટે **આંક–૧૪** થી તા.૧૪/૧૦/૨૦૨૩ ના રોજ મારા પુરોગામી ન્યાયધિશશ્રી દ્વારા નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છેઃ–

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

(૧) શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળી મિલકત વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત મિલકત છે અને તેમાં વાદીઓ સહહિસ્સેદાર અને સહ કબજેદાર છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, વાદીઓ દાવાવાળી મિલકતમાં તેમનો હક્ક, હિસ્સો મેળવવા હકકદાર છે?

(૩) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે તેમના પિતાએ મૌખિક રીતે વાદીઓની સહમતી હતી ત્યારે દાવાવાળી મિલકત એ પ્રતિવાદીઓને આપેલી છે?

(૪) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામું ?

(૭) **આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છેઃ–**

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) રદ્દ કરેલ છે.

(૪) નકારમાં.

*પ્રિન્સીપાલ સીવીલ જજ,ધ્રોલ,*

(૫) આખરી હુકમ મુજબ.

## **-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૪ એકબીજા સાથે સંકળાયેલા હોઈ તેમની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.**

(૮) આ કામે **આંક-૩૦** થી વાદી નંબર ૨ બાનુબેન સિદિકભાઈ સુમારીયા **ની** સોગંદનામા સ્વરૂપની સર તપાસ જુબાની રજુ થયેલ છે જેમાં આ વાદીએ પોતાની દાવા અરજીને અનુરૂપ સોગંદ ઉપરની જુબાની આપેલ છે. પુનરાવર્તન ટાળવાના હેતુસર અત્રે તેની ચર્ચા કરવામાં આવેલ નથી. ત્યારબાદ આ વાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં આ વાદી તે હકીકતનો સ્વીકાર કરે છે કે, તેના માતા પિતાના મરણના દાખલાઓ હાલના કામે રજુ કરેલ કે કેમ તે તેને ખબર નથી.તેના માતા પિતાના નામે એક વીડી વાળી અને એક સીમાડા વાળી જમીન આવેલ છે જેના સર્વે નંબર તેને ખબર નથી. આ જમીન ની વીઘાની કિંમત કેટલી હશે તેની તેને ખબર નથી. તેના પિતાએ પોતાની જમીન માંથી એક જમીન મૌખીક રીતે તેના ભાઈ અકબરભાઈ સિદિકભાઈ સુમારીયાને આપી દીધેલી અને અન્ય જમીન પડતર હાલતમા છે. તેના પિતા અચાનક અવશાન પામતા અકબરભાઇને મૌખીક રીતે આપેલી જમીન તેઓના ખાતે ચડેલ નહી તેણીના પિતા હયાત હતા તે સમયે વાકીયા સેવા સહકારી મંડળ માંથી આ જમની ના આધારે ધિરાણ મેળવતા હતા.ખેતીની જમીનમા હિસ્સાઓ પાડેલ નથી.ખેતીની જમીન પ્રતિવાદીઓ કોઈ ત્રાહીત વ્યકતિને વેચાણ કરવાના પ્રયત્નો કરતા હોય તે વ્યકતિઓના નામ દાવમા દર્શાવવામાં આવેલ નથી

વાદીએ પોતાની દાવા અરજીના સમર્થનમા આંક-૨૩ થી રેવન્યુ સર્વે નંબર ૪૭ ના ગામ નમુના નંબર ૦૭ ની ખરી નકલ, આંક-૨૪ થી રેવન્યુ સર્વે નંબર ૫૨૦ ના ગામ નમુના નંબર ૭ ની ખરી નકલ, આંક-૨૫ થી રેવન્યુ સર્વે નંબર ૫૨૧ ના ગામ નમુના નંબર ૭ ની ખરી નકલ, આંક-૨૬ થી ગામ નમુના નંબર ૮-અ ની ખરી નકલ , આંક-૨૭ થી ગામ નમુના નંબર ૬ હક્કપત્રકની નોંધ નંબર ૩૯૧૫ ની ખરી નકલ તથા આંક-૨૮ થી ગામ નમુના નંબર ૬ ના હક્કપત્રકની નકલ રજુ કરેલ છે.

આ કામે આંક-૩૯ થી પ્રતિવાદીના પુરાવાનુ સોગંદનામુ રજુ થયેલ છે. જેમાં

પ્રતિવાદીએ આંક–૧૩ થી રજુ થયેલ જવાબને અનુરૂપ સોગંદ ઉપરનો પુરાવો આપેલો છે. ત્યારબાદ આ પ્રતિવાદીની વાદીના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં આ પ્રતિવાદી એ વાતનો સ્વીકાર કરે છે કે તેના પિતાનુ પુરૂ નામ સિદિક અબરાહમ સુમારીયા છે તેઓ બે ભાઈઓ અને ત્રણ બહેનો છે જમીન તેમના પિતાના નામે છે અને તેમની હયાતીમાં બહેનોના નામો કમી કરવાના હતા આ પ્રતિવાદીએ દસ્તાવેજી પુરવો રજુ કરેલ નથી.આ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામા આવે તો આ કામે વાદીએ વાદગ્રસ્ત દાવા વાળી મિલકત માંથી હિસ્સો મેળવવા માટે મૌખિક પુરાવો રજુ કરેલ છે તથા મૌખિક પુરાવાના સમર્થનમાં આંક–૨૩ થી આંક–૨૮ સુધીના રેવન્યુ રેકર્ડ રજુ કરેલા છે આ સિવાય અન્ય સધ્ધર પુરાવો વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી.પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ વાદીએ પોતાનો કેસ પુરવાર કરવો પડે તથા આ અનુસંધાને નામદાર સુપ્રીમકોર્ટનુ જજમેન્ટ smt janak kumari v/s mahindar shing on 13 august ૨૦૨૪ વંચાણે લીધું તેમા દર્શાવેલ સિધાંત વંચાણે લેતા " it is a settled law that plantiffs suit must stand on his owl legs which means that a plantiff must stand or fall on the strength of his own case.he can not be entieled to a decree merely becuase defendents failed to lead their own evidence.

આમ, વાદી પોતાનો કેસ પુરાવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ મુદ્દા નં. ૫ મુજબ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર થતા નથી.તથા દાવાનો ન્યાયિક નિર્ણય કરવા માટે મુદ્દા નંબર ૩ આવશયક ન હોય રદ કરવામા આવે છે.

આમ, ઉપરોકત સમગ્ર પુરાવાઓનુ મુલ્યાંકન કરતા **મુદ્દા નં. ૧,૨,અને ૪** નો નિર્ણય નકારમાં આપી **મુદ્દા નં ૩ રદ્દ** કરેલ હોય તથા **મુદ્દા નં. ૫** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) વાદીનો હાલનો દાવો **નામંજુર** કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનો રહેશે.

*પ્રિન્સીપાલ સીવીલ જજ,ધ્રોલ,*

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ **તા.૦૩ મી, જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– ૦૩–૦૭–૨૦૨૬
સ્થળઃ–ધ્રોલ,

**(એ.એમ.શુક્લા)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કોડ નં.જી.જે.૦૧૩૬૪
ધ્રોલ,